**ફરીયાદ/અરજદારપક્ષે રજુ સી.આર.પી.સી. કલમ:૪૨૧ મુજબની અરજી તળે હુકમ**

૧. હાલની અરજી વંચાણે લીધી. ફરીયાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા, કેસ કાર્યવાહીનું સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ.

૨. ફરીયાદપક્ષ તરફે હાલની અરજી ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા –૨૦૨૩ ની કલમ–૪૬૧ (સી.આર.પી.સી.કલમ–૪૨૧) અને કલમ–૪૭૧ (સી.આર.પી.સી. કલમ–૪૩૧)મુજબની હાલની અરજી વળતરની રકમ વસુલ મેળવવા માટે કરેલ છે અને હાલની અરજી અન્વયે ફરીયાદપક્ષના વિ.વકીલશ્રીની મુખ્યત્વે એવી રજુઆત છે કે,આ કામના આરોપી નં.૧થી ૩ નાઓ સામે હાલનો ફો.કે.નં.૨૦૮૫/૧૬ ચાલી જતાં આરોપીઓને તકસીરવાન ઠરાવવામાં આવેલ છે અને તકરારી ચેકની રકમ રૂા.૫,૬૭,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ લાખ સડસઠ હજાર પુરા)ની વળતર પેટે ચુકવવા હુકમ કરવામાં આવેલ છે પરંતુ ત્યારબાદ આજદીન સુધી આરોપીઓ ધ્વારા તકરારી ચેકની રકમ વળતર પેટે ચુકવી આપવામાં આવેલ નથી.જેથી આરોપીઓની જંગમ મિલ્કતનું વેચાણ જિલ્લા કલેકટરશ્રી મારફતે કરાવી તેમાંથી ઉપજતી રકમમાંથી ફરીયાદીને વળતર અપાવવા અરજ ગુજારેલ છે. આરોપીઓ વિરૂધ્ધ રીકવરી વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં અરજ ગુજારેલ છે. તેમજ પોતાની અરજીના સમર્થનમાં નામ.સુપ્રિમ કોર્ટનાં ક્રિમીનલ અપીલ નં.૮૯૬–૮૯૭/૨૦૧૭ , કુમારન વિ. સ્ટેટ ઓફ કેરાલા અને બીજાઓનો ચુકાદો રજુ રાખેલ છે.

૩. સદર અરજી સંદર્ભે સૌપ્રથમ એ સ્પષ્ટતા કરવી જરૂરી જણાયેલ છે કે, હાલના કામના ફરીયાદી/અરજદારના વિ.વકીલશ્રી ધ્વારા હાલની અરજીને પરચુરણ અરજી રજીસ્ટરે નોંધવાનો આગ્રહ રાખવામાં આવેલ છે પરંતુ અત્રેની કોર્ટનું સ્પષ્ટપણે માનવું છે કે, જો કોઈ પ્રોસીડીંગ્સને નવો નંબર આપવામાં આવે તો, સામાવાળા પક્ષકારોને સાંભળ્યા વગર હુકમ થઈ શકે નહી. જેથી હાલની અરજી જે મુળ ફોજદારી કેસ નં.૨૦૮૫/૧૬ સંદર્ભે આપવામાં આવેલ છે તે કેસના રેકર્ડમાં જ રોજકામમાં અનક્રુમે આવતો નવો આંક આપીને હાલની અરજીની મુલવણી કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષની હાલની અરજી અન્વયે હાલના કેસની રેકર્ડ

ઉપરની હકીકત નજર સમક્ષ લેતાં હાલના ફો.કે.નં.૨૦૮૫/૧૬ ના કામે તા.૧૮–૦૫–૨૦૨૪ ના રોજ  આ કામના આરોપીઓની ગેરહાજરીમાં આખરી ચુકાદો જાહેર કરી આરોપી નં.૧ થી ૩ નાઓને તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. સરદ કામે આરોપીઓએ સંયુકત રીતે ફરીયાદવાળા ચેકની રકમ રૂા.૫,૬૭,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ લાખ સડસઠ હજાર પુરા)ની દિન–૩૦ માં વળતર પેટે ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ છે જે હકીકત સ્પષ્ટ છે. પરંતુ તા.૧૮–૦૫–૨૦૨૪ ના રોજ જાહેર કરવામાં આવેલ આખરી હુકમ આરોપીઓની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે. આ કામના આરોપીઓ સતતપણે ગેરહાજર રહેતાં આરોપીઓનો ફરીયાદીની ઉલટતપાસનો તેમજ એફ.એસ.નો હકક બંધ કરી ત્યારબાદ કેસ કાર્યવાહી આગળ ધપાવી તા.૧૮–૦૫–૨૪ ના રોજ આખરી હુકમ જાહેર કરવામાં આવેલ અને આરોપીઓ વિરૂધ્ધ સજાની અમલવારી માટે ઘરપકડ વોરંટ પણ ઈસ્યુ કરવામાં આવેલ છે જેની બજવણી હજુ સુધી થયેલ નથી. વધુમાં, આરોપીઓ સામેનું વોરંટ ફરીયાદપક્ષને હાથોહાથ આપવામાં આવેલ છે અને તેની બજવણી થયેલ છે કે કેમ ? તે અંગેની પણ કોઈ જ હકીકત ફરીયાદપક્ષ તરફે જાહેર થયેલ નથી. આમ, આ કામના આરોપીઓ સામે જે આખરી હુકમ કરવામાં આવેલ છે તે હુકમની આરોપીઓને જાણ થયેલ છે કે કેમ ? તે બાબત પણ રેકર્ડ ઉપર અસ્પષ્ટ છે. વળી, ખુદ ફરીયાદપક્ષ ઘ્વારા પણ હાલના આરોપીઓનું અધતન સરનામું–ચોકકસ સરનામું રજુ કરી શકેલા નથી. ફરીયાદપક્ષે આરોપીઓની માલીકીની કોઈ ચોકકસ જંગમ મિલ્કતોનું વર્ણન પણ હાલની અરજીમાં કરેલ નથી.  આરોપીઓ સામેના આખરી હુકમની અમલવારી સબબ ફરીયાદીને રૂબરૂમા સજાની અમલવારી માટે ફરતું વોરંટ આપવામાં આવેલ છે.પોલીસ ઘ્વારા આ સબબ શું પગલાં લેવામાં આવેલ તેનો પણ કોઈ ખુલાસો હાલની અરજીમાં જણાતો નથી. તેથી વિશેષ, આરોપીઓની ગેરહાજરીમાં અત્રેની અદાલત ઘ્વારા આખરી હુકમ જાહેર કરવામાં આવેલ છે તેમાં વળતરનો હુકમ છે તે વિવેકાધીન સત્તાના આધારે કરવામાં આવતો હોય છે. તે સંજોગોમાં હાલના તબકકે ફરીયાદપક્ષની અરજી ગ્રાહય

રાખવાપાત્ર જણાઈ આવતી નથી. ફરીયાદી/અરજદાર તરફે વિ.વકીલશ્રી ધ્વારા હાલની અરજીના સમર્થનમાં રજુ કરવામાં આવેલ નામ.સુપ્રિમ કોર્ટનાં ક્રિમીનલ અપીલ નં.૮૯૬–૮૯૭/૨૦૧૭ , કુમારન વિ. સ્ટેટ ઓફ કેરાલા અને બીજાઓનો ચુકાદો અત્રેની અદાલત ધ્વારા માનસહ વંચાણે લેવામાં આવેલ છે. સદરહું ચુકાદાની હકીકતો અને હાથ ઉપરના કેસની હકીકતો ભિન્ન–ભિન્ન જણાય છે.ફરીયાદપક્ષે રજુ સદર ચુકાદામાં આરોપીપક્ષે તેમની વિરૂધ્ધના હુકમને નામ. સેશન્સ કોર્ટ,નામ.હાઈકોર્ટ તથા નામ.સુપ્રિમકોર્ટ સમક્ષ પડકારવામાં આવેલ હતો એટલે કે આરોપીને તેમની સામેના હુકમની જાણ હતી. જયારે હાથ ઉપરના કેસમાં જે આખરી હુકમ જાહેર કરવામાં આવેલ છે તેની આરોપીઓને જાણ હોવાની કોઈ હકીકત રેકર્ડ ઉપર માલુમ પડતી નથી. તેમજ આખરી હુકમની અમલવારી માટે આરોપીઓ સામે વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ છે અને તેની બજવણી બાકી છે. જેથી, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ફરીયાદી/અરજદારને મદદરૂપ બનતા ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. આથી, ઉપરોકત તમામ ચર્ચા અને મુલ્યાંકન ધ્યાને લેતાં, નયાયના વિશાળ હિતમાં આ અરજી લગત નીચે મુજબનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે.

**:: હુકમ ::**

(૧) ફરીયાદી/અરજદારની હાલની આંક–૯૭ની અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૮ મી, માહે:ઓકટોબર,સને–૨૦૨૪ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૮–૧૦–૨૪
સ્થળ:અમદાવાદ.

**(કિરીટકુમાર બી.વાઘેલા)**
૩૩માં એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર,ને.ઈ.એકટની કોર્ટ નં.૩૦
(GJ01142)